# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૮/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારો માટે 'સ્ટાર્ટ–અપ્સ ટેકસ એન્ડ રેગ્યુલેટરી પર્સપેકટીવ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૭ મે, ૨૦૨૧ના રોજ 'સ્ટાર્ટ–અપ્સ ટેકસ એન્ડ રેગ્યુલેટરી પર્સપેકટીવ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે સીએ મયંક દેસાઇ, સીએ ગૌરવ સિંઘવી અને હરેશ કલકત્તાવાલાએ ઉદ્યોગ સાહસિકો તેમજ રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

સીએ મયંક દેસાઇએ સ્ટાર્ટઅપ રજિસ્ટ્રેશન પ્રોસેસ તથા તેના ટેકસ બેનીફિટ્સ કેવી રીતે મળે તે વિશે પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપને કવોલિફાય થવા માટે પ્રાઇવેટ લિમિટેડ કંપની, રજિસ્ટર્ડ પાર્ટનર ફર્મ અને લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપ બનાવવી પડે છે અને એ દસ વર્ષ જૂની નહીં હોવી જોઇએ. રૂપિયા ૧૦૦ કરોડથી વધુ ટર્નઓવર હોય તો તે સ્ટાર્ટઅપના ક્રાઇટેરિયામાં આવતું નથી. સ્ટાર્ટઅપ માટે જૂના બિઝનેસને રિકન્સ્ટ્રકટ નહીં કરી શકાય અને નવી પ્રોડકટ ડેવલપ થવી જોઇએ. નવા ઉદ્યોગ સાહસિકોને સફળતા મળે અને ભારતમાં નવું એમ્પ્લોઇમેન્ટ જનરેટ થઇ શકે તેના માટે સરકાર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયા છે અને તે અંતર્ગત સ્ટાર્ટઅપ્સને ઘણા બેનીફિટસ ઇન્કમ ટેકસમાં આપવામાં આવ્યા છે.

વધુમાં તેમણે સ્ટાર્ટઅપને મળતા ઇન્કમ ટેકસના ચાર જાતના બેનીફિટ્સ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપને શરૂઆતના વર્ષોમાં ખર્ચ અને નુકસાન પણ થતું હોવાથી સરકારે તેને ઇન્કમ ટેકસની કલમ ૮૦–એ.આઇ.સી. હેઠળ પહેલા દસ વર્ષમાંથી સતત ત્રણ વર્ષ માટે ઇન્કમ ટેકસમાં રાહત આપેલી હોય છે. શેર પ્રિમિયમની રકમ વેલ્યુએશન કરતા વધારે કે ઓછી લેવાથી પ્રાઇવેટ લિમિટેડ કંપનીને એન્જલ ટેકસ

લાગી જતો હોય છે, જે એન્જલ ટેકસ સ્ટાર્ટઅપને લાગતો નથી અને શેર કેપીટલના પ્રિમિયમમાં રિસ્ટ્રીકશન હોતું નથી.

વધુમાં તેમણે કહયું કે, જો કોઇપણ કરદાતાને ઘરના વેચાણથી કેપીટલ ગેઇન થયો હોય તો સેલ કન્સીડરેશન કોઇપણ સ્ટાર્ટઅપના શેરમાં રોકાણ કરે તો સેકશન પ૪–જી.બી. હેઠળ તેને કુલ કેપીટલ ગેઇનમાંથી મુકિત મળે છે. તેમણે ઉદ્યોગકારોને આ સેકશન હેઠળ લાભ લઇ સ્ટાર્ટઅપમાં રોકાણ કરવા માટે અનુરોધ કર્યો હતો. શેર હોલ્ડીગ પ૧ ટકાથી ઓછું હોય તો પણ સ્ટાર્ટઅપને સેકશન ૭૯ હેઠળ કેરી ફોરવર્ડ લોસ બાદ મળે છે. આથી તેમણે સુરતના ઉદ્યોગકારો તેમજ રોકાણકારોને પોતાના પોર્ટફોલિયોમાં સ્ટાર્ટઅપમાં રોકાણ કરવા માટે સલાહ આપી હતી.

સીએ ગૌરવ સિંઘવીએ સ્ટાર્ટઅપની સમગ્ર ઇકો સિસ્ટમ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ દેશના અર્થતંત્રને આગળ લઇ જાય છે અને બેરોજગારીની સમસ્યાને દુર કરે છે. સ્ટાર્ટઅપ એ ટેકનીકલ એજ્યુકેટેડ, કમર્શિયલ સ્માર્ટ અને ફિલ્ડમાં ડિસ્ટ્રીબ્યુશન કરી શકે એવા ત્રણ પ્રકારના લોકોને રોજગારી પૂરી પાડે છે. કોરોનાની વર્તમાન સ્થિતિમાં જ્યાં રેસ્ટોરન્ટ બંધ હતી ત્યાં સ્વીગી અને ઝોમેટો જેવા સ્ટાર્ટઅપ દ્વારા રેસ્ટોરન્ટનો બિઝનેસ ટકી શકયો છે. આ સ્ટાર્ટઅપ દ્વારા સુરતમાં એક હજારથી વધુ યુવાનોને રોજગારી મળી છે.

વધુમાં તેમણે કહયું કે, સુરતને પણ દેશના અન્ય શહેરોની જેમ સ્ટાર્ટઅપમાં રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવા માટે પ્રયાસ થઇ રહયો છે. છેલ્લા ચાર મહિનામાં બેંગ્લોર, ગુડગાવ, ચેન્નાઇ, મુંબઇ અને પૂણેથી ૧૪ યુનિકોર્ન થયા છે. જે સ્ટાર્ટઅપનું રૂપિયા ૭પ૦૦ કરોડથી વધુ વેલ્યુએશન થાય તેને યુનિકોર્ન તરીકે સંબોધવામાં આવે છે. આથી સુરતથી પણ પાંચથી સાત સ્ટાર્ટઅપ રાષ્ટ્રીય સ્તરે યુનિકોર્નની તૈયારી કરી શકે છે.

હરેશ કલકત્તાવાલાએ જણાવ્યું હતું કે, કોઇપણ ધંધો ચાલુ કરીએ એટલે તેને સ્ટાર્ટઅપ નહી કહેવાય. એના માટે ધંધામાં પણ કંઇક નવું કરવું જરૂરી છે. વેલ્યુએશન માટે નવું ઇનોવેટ કરવું પડે છે. કારણ કે સ્ટાર્ટઅપમાં સમગ્ર ગેમ વેલ્યુએશનની હોય છે. ઇનોવેશન વગર સ્ટાર્ટઅપને વેલ્યુએશન મળશે નહી. આથી સ્ટાર્ટઅપ શરૂ કરવા માગતા ઉદ્યોગ સાહસિકોએ એકસપર્ટ, કન્સલ્ટન્ટ, એડવાઇઝર તેમજ ચેમ્બર જેવા એસોસીએશનની સલાહ લેવી જોઇએ. સ્ટાર્ટઅપ માટે સરકાર અને અન્ય વિભાગો દ્વારા પ્રોવિઝન આપ્યા છે. એના માટે ઉદ્યોગ સાહસિકોએ મેથડનો ઉપયોગ કરવો જોઇએ. સ્ટાર્ટઅપમાં વેલ્યુ એડીશન માટે યોગ્ય વ્યકિતની સલાહ ખૂબ જ જરૂરી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપને ગ્રો કરવા માટે કેશની જરૂર હોય છે. આથી સ્ટાર્ટઅપ શરૂ કરતી વખતે અથવા ભવિષ્યમાં તેને ડેવલપ કરવા માટે કેશને મેનેજ કરવું મહત્વનું હોય છે. જો આવું નહી થાય તો સ્ટાર્ટઅપમાંથી બહાર ફેંકાઇ જવાની શકયતા વધી જાય છે અને ઉદ્યોગ સાહસિકોનું સ્વપ્ન અટકી જાય છે. સ્ટાર્ટઅપ માટે ઉદ્યોગ સાહસિકોને રોકાણકારો પાસેથી રૂપિયા લેવાના હોય છે. આથી આઇડિયા સિવાયના પણ ઘણા બધા પેરામીટર્સને ધ્યાનમાં લેવાની જરૂર પડતી હોય છે. ટેકસ કોમ્પ્લાયન્સ, મેનેજમેન્ટ અને ફયુચર ફન્ડીગ માટે પણ બધા પેરામીટર્સને ધ્યાને લઇને કોમ્પ્લાયન્સ કરવા પડે છે.

ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સંચાલન કર્યુ હતું. કાર્યક્રમના અંતે ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું.